ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને ત્રીજા અને ચોથા હપ્તા પેટે કુલ રૂ.૧૧૨.૫૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.
વર્ષ ૨૦૨૨-૨૩

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃલઘસ/૧૦૨૦૦૩/૬૧૫/અ.૧(પા.ફા)
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ૨૦/૦૩/૨૦૨૩

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગની બજેટ શાખાનો તા.૦૭/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃ SJED/CNI/e-file/17/2021/ 0001/B
(૨) આ વિભાગનો તા.૦૬/૦૮/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃલઘસ/૧૦૨૦૦૩/૬૧૫/અ.૧(પા.ફા)
(૩) આ વિભાગનો તા.૦૨/૧૨/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃ SJED/GMF/e-file/17/2022/2977/A-1 Section
(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૨/૦૮/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./૨૦૨૨-૨૩/૧૭૪-૧૭૫

આમુખઃ-

ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૨૨૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જેને આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.વંચાણે લીધા ક્રમાંક (૨) અને (૩) પરના ઠરાવો દ્વારા ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટના પ્રથમ અને બીજા હપ્તા પેટે રૂ.૧૧૨.૫૦ લાખની રકમ નિગમના હવાલે મૂકવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૨૨૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી ત્રીજા અને ચોથા હપ્તા પેટે રૂ.૧૧૨.૫૦ લાખની રકમ વહીવટી ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા માટે વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૨૨૫.૦૦ લાખની રકમની વહીવટી ગ્રાન્ટમાંથી ત્રીજા અને ચોથા હપ્તા પેટે કુલ રૂ.૧૧૨.૫૦ લાખની રકમની વહીવટી ગ્રાન્ટ ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શ ર તો:

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

(૨) ઉપર્યુકત મંજૂર કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટ જે હેતુ માટે છૂટી કરવામાં આવે છે, પગાર ભથ્થાં અને નિગમના અનિવાર્ય વહીવટી ખર્ચ સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વમંજૂરી સિવાય ખર્ચ કરી શકાશે નહીં. આ અગાઉ તેમજ આ ઠરાવથી છૂટી કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટની રકમમાંથી કરવામાં આવેલ ખર્ચની વિગતો તાત્કાલિક અત્રે રજૂ કરવાની રહેશે, આ ઉપરાંત નિગમ દ્વારા થતા ધિરાણની વસુલાત માટે નિગમે સઘળા પ્રયત્નો કરવાના રહેશે.

(3) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ કરતી વખતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમો અનુસાર કરવાની રહેશે.

(૭) નવી સેવાઓના સંદર્ભમાં નાણાં સલાહકારશ્રી/નાણાં વિભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૮) જગ્યાઓ ચાલુ રાખવા બાબતે સક્ષમ અધિકારીની મંજૂરી બાદ જ ખર્ચ કરી શકાશે.

(૯) આ અંગેનો ખર્ચ સને ૨૦૨૨-૨૩ના નાણાંકીય વર્ષમાં મંજૂર થયેલ જોગવાઇ સામે ઉધારવાનો રહેશે.

(૧૦) હવે પછીની મળવાપાત્ર સુધારેલ ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છૂટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની ૧૮/૦૩/૨૦૨૩ની નોંધ દ્વારા મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તથા તેમના નામે,

eSign Signed by: Kalpanaben Vipulkumar Rana
Location: Ahmedabad, India
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 21-Mar-2023 (12:10 PM)

(કલ્પના રાણા)

ઉપસચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના :

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ/કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૩